ઓમ્બ્ડ્સમેન મૂલ્યાંકન અહેવાલ

IFCના ટાટા આલ્ટ્રા મેગા પ્રોજેક્ટ સાથેના સંબંધમાં કમ્યુનિટિ અને સિવિલ સોસાયટીની ચિંતાઓ વિશે
(#25797)

જાન્યુઆરી 2012

*ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન &*
*મલ્ટીલેટરલ ઈન્વેસ્ટમેન્ટ ગેરંટી એજંસી માટે*
*અનુપાલન સલાહકાર ઓમ્બડ્સમેન **(CAO)**નું કાર્યાલય*

www.cao-ombudsman.org

વિષયવસ્તુ

ટૂંકાક્ષરોની યાદી ....................................................................................................3
1. પરિચય....................................................................................................4
2. ફરિયાદ ....................................................................................................4
3. પ્રોજેક્ટ ....................................................................................................4
4. પ્રોજેક્ટ સંદર્ભ....................................................................................................5
5. મૂલ્યાંકન....................................................................................................5
6. નિષ્કર્ષો અને આગામી પગલાં....................................................................................................7
પરિશિષ્ટ I: CAO પ્રક્રિયા ....................................................................................................9
પરિશિષ્ટ II: ક્ષેત્ર મુલાકાત સમયપત્રક .................................................................................... 10

## ટૂંકાક્ષરોની યાદી

| | |
|---|---|
| CAO | અનુપાલન સલાહકાર ઓમ્બ્ડ્સમેન |
| CGPL | કોસ્ટલ ગુજરાત પાવર લિ |
| IFC | ઈન્ટરનેશનલ ફાયનાન્સ કૉર્પોરેશન |
| MASS | માછીમાર અધિકાર સંઘર્ષ સંગઠન |
| MIGA | મલ્ટીલેટરલ ઈન્વેસ્ટમેન્ટ ગેરંટી એજંસી |
| PPA | પાવર પરચેઝ એગ્રીમેન્ટ |
| SEIA | સોશિયલ એન્ડ એન્વાયર્નમેન્ટ્લ ઈમ્પેક્ટ અસેસમેન્ટ |
| SIA | સોશિયલ ઈમ્પેક્ટ અસેસમેન્ટ |

1. **પરિચય**

ઑફિસ ઑફ ધ કમ્પ્લાયન્સ એડવાઈઝર ઓમ્બ્ડ્સમેન (CAO) એ વિશ્વ બેન્ક ગ્રુપના ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન (IFC) અને મલ્ટીલેટરલ ઈન્વેસ્ટમેન્ટ ગેરંટી એજંસી (MIGA) માટે સ્વતંત્ર આશ્રય વ્યવસ્થા છે. CAO સીધા વિશ્વ બેન્ક ગ્રુપના પ્રમુખને જાણ કરે છે. IFC/MIGA દ્વારા સમર્થિત પ્રોજેક્ટ્સ દ્વારા અસરગ્રસ્ત લોકોને ન્યાયી, હેતુપૂર્ણ અને રચનાત્મક રીતે તથા આ પ્રોજેક્ટ્સના સામાજીક અને પર્યાવરણીય પરિણામોમાં વૃદ્ધિ થાય તે રીતે ફરિયાદોનું નિવારણ કરવામાં મદદ કરવી ફરજિયાત છે.

અસરગ્રસ્ત સમુદાયોની ફરિયાદો અંગે CAOનો પ્રથમ પ્રતિસાદ એ તેની વિવાદ નિવારણ ટીમ દ્વારા કરવામાં આવતું સ્થિતિનું મૂલ્યાંકન છે. આ મૂલ્યાંકનનો હેતુ બેવડો છેઃ પ્રથમ ફરિયાદીઓ, બહોળા સ્થાનિક સમુદાય, કંપની અને અન્ય સંબંધિત શેરધારકોને ફરિયાદ પર તેમના દ્રષ્ટિકોણને સાંભળવા અને તેમની પાસેથી શીખવું, અને સહકારી પ્રક્રિયા દ્વારા ચિંતાઓનું સમાધાન કરવા માટેનો અવકાશ છે કે કેમ તે તપાસવું. બીજું એ કે, આ મૂલ્યાંકનનો હેતુ CAOની વિવિધ ભૂમિકાઓ, તેના નિર્ણય અને તેની મર્યાદાઓ ક્યાં રહેલી છે તે સમજાવવાનો છે, જેમાં વિવાદ નિવારણ પ્રક્રિયામાં સામેલ થવું કે નહીં તે માટે ફરિયાદીઓ અને સંબંધિત સ્ટેકહોલ્ડર્સ દ્વારા સૂચિત નિર્ણય લઈ શકાય તેવો હેતુ હોય છે.

આ દસ્તાવેજ એ CAO ટીમ દ્વારા સાંભળવામાં આવેલા મતોની નોંધ છે અને CAOની પ્રક્રિયામાં આગામી પગલાંઓની સમજૂતી છે. આ મૂલ્યાંકન અહેવાલ ફરિયાદ અથવા કંપનીના પ્રતિસાદોમાં ઉઠાવવામાં આવેલા બધા મુદ્દાઓનું સર્વાંગી ચિત્ર રજૂ કરવા માટેની વ્યવસ્થા પૂરી પાડતો નથી. CAO ફરિયાદની લાયકાત પર કોઈ નિર્ણયો લેતા નથી.

2. **ફરિયાદ**

જુલાઈ 2011માં, CAOને માછીમાર અધિકાર સંઘર્ષ સંગઠન ((MASS – માછીમારોના અધિકારો માટે સંઘર્ષ કરતું સંગઠન)નાં ચાર સભ્યો તરફથી ફરિયાદ મળી. આ સમૂહ ગુજરાત, ભારતનાં કચ્છ જિલ્લામાં મુંદ્રા અને અંજારના વિસ્તારોમાં માછીમાર સમુદાયો અને તેમના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે.

ફરિયાદમાં સ્થળાંતરી માછીમાર-ગણના સ્થાનિક સમુદાય પર પ્રોજેક્ટની પર્યાવરણીય અને સામાજીક અસર વિશેની ઘણી ચિંતાઓ વ્યક્ત કરે છે. માછીમાર સમુદાય ત્રાગડી બંદરમાં (માછીમારીનું પડું) રહે છે અને ત્યાં માછીમારી કરે છે જે માછીમારીની સીઝન દરમિયાન વર્ષના આઠથી નવ મહિના માટે પ્રોજેક્ટની એકદમ બહાર આવેલ છે). ફરિયાદમાં પર્યાવરણીય અને સામાજીક અસરના મૂલ્યાંકનની ગુણવત્તા અને કંપનીની સમુદાય પરામર્શ પ્રવૃત્તિઓ, IFCના દેખાવના ધોરણો સાથે પ્રોજેક્ટ કેટલો વળગી રહે છે, તેમજ રાષ્ટ્રીય કાનૂન સાથેના તેના અનુપાલન પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આખરે, માછીમાર ગણ માને છે કે જ્યારે મુન્દ્રા કાંઠામાં વધારે સામાન્ય રીતે ઔદ્યોગિક વિકાસની અસરોના સંદર્ભમાં પ્રોજેક્ટને જોવામાં આવે ત્યારે તે છેવટે સમગ્રપણે તેમની પ્રવૃત્તિઓને ખસેડવાનું જોખમ ઊભું કરે છે, આમ મૂળભૂત રીતે તેમની આજીવિકાને જોખમમાં મૂકે છે. ફરિયાદ CAOની વેબસાઈટ પર સંપૂર્ણપણે મૂકવામાં આવી છે.

3. **પ્રોજેક્ટ**

કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ ("CGPL" અથવા "કંપની") ગુજરાતના કચ્છ જિલ્લા, ભારતમાં મુંદ્રાના પોર્ટ સિટી ખાતે 4,000 મેગાવૉટ (૪00 મેગાવૉટના પ્રત્યેક 5 યુનિટ્સ)ના 'અલ્ટ્રા મેગા' સુપરક્રિટિકલ ટેકનોલોજી આધારિત પાવર પ્લાંટનું નિર્માણ કરશે, માલિકી ધરાવશે અને સંચાલન કરશે ("પ્રોજેક્ટ"). CGPLની પ્રાયોજકતા ટાટા પાવર કંપની લિમિટેડ ("ટાટા પાવર") કરે છે જે CGPLના 100 ટકાની માલિકી ધરાવે છે. મે 2011માં CGPLએ યુનિટ 1 ખાતે સ્ટીમ બ્લોઈંગ પ્રોસેસની સફળ પૂર્ણાહુતિની જાહેરાત કરી. બાકીના ચાર યુનિટ્સ પ્રત્યેક ચાર મહિનાના ક્રમિક અંતરાલ પર શરૂ કરવામાં આવશે.

પ્રોજેક્ટનો કુલ ખર્ચ આશરે US$4.14 અબજ થવાનો અંદાજ છે. IFCએ આ પ્રોજેક્ટમાં તેની પોતાની 450 મિલિઅન ડૉલરની મૂડીનું રોકાણ કર્યું છે જેને IFCએ વર્ગ A પ્રોજેક્ટ તરીકે વર્ગીકૃત કર્યો છે, જે દર્શાવે છે કે IFC માને છે કે તેની સંભવિતપણે વિપરીત સામાજીક અને પર્યાવરણીય અસરો છે જે વિવિધ અથવા અપ્રતિવર્તી હોઈ શકે છે[1].

4. **પ્રોજેક્ટ સંદર્ભ**

ભારતની બૃહદ ઊર્જા વ્યૂહરચનાના સંદર્ભમાં પ્રોજેક્ટ વિકસાવવામાં આવી રહ્યો છે જેમાં ૪-9 ટકાનો વિકાસ દર જાળવી રાખવા માટે 2017 સુધી વીજળી નિર્માણ ક્ષમતામાં 160,000 મેગાવૉટ(MW)નો વધારો જરૂરી

---

[1] IFC's Summary of Proposed Investment:
http://www.ifc.org/ifcext/spiwebsite1.nsf/0/EAB8E042D643A6EC852576BA000E2B15

છે. CGPL એ ઘણાં મોટા વીજળી પ્રોજેક્ટ પૈકીનો એક છે જેને દેશમાં ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય પ્રાથમિકતા પ્રોજેક્ટ તરીકે ભારત અને ગુજરાતની રાષ્ટ્રીય અને રાજ્ય સરકારો એ પ્રોજેક્ટના સ્થળને પસંદ કર્યું અને પ્રોજેક્ટના નિર્માણ પર દેખરેખ રાખવાનું ચાલુ રાખે છે. પ્રોજેક્ટ ભારતમાં પ્રથમ 800 મેગાવૉટ યુનિટનો સુપરક્રિટિકલ ટેકનોલોજી થર્મલ પ્લાંટ સ્થાપિત કરશે અને ભાવ આધારિત સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા ભારતના ઊર્જા મંત્રાલય દ્વારા તે ટાટા પાવરને ફાળવવામાં આવ્યો હતો. પ્રોજેક્ટનો આશય 25 વર્ષના લાંબા ગાળાના ટેક-ઑર-પે પાવર પરચેઝ એગ્રીમેન્ટ ("PPA") દ્વારા પશ્ચિમ અને ઉત્તર ભારતના વિસ્તારોના પાંચ વિવિધ રાજ્યોના વપરાશ માટે વેચાણ કરવા વીજળી પેદા કરવાનો છે.

## 5. મૂલ્યાંકન

CAO ટીમે ઑગસ્ટ 15-19, ઑક્ટોબર 8 અને ઑક્ટોબર 17-23, 2011 દરમિયાન ત્રણ વખત સાઈટની મુલાકાત લીધી હતી જેમાં સાઈટ પર તેમજ નજીકના વિસ્તારોમાં ફરિયાદીઓ અને અન્ય માછીમાર ગણ સાથે તેમજ કંપનીના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. સપ્ટેમ્બર 1, 2011નાં રોજ દિલ્હીમાં બે MASSના પ્રતિનિધિઓ સાથે વધારાની બેઠક યોજાઈ હતી.

*મુદ્દાઓનો સાર*

સ્થાનિક માછીમાર ગણ માટે ચિંતાનો વધુ સંવેદનશીલ મુદ્દો એ મોટા દરિયા કિનારા પર આજીવિકાના ટકાઉપણાનો છે જે તેમની પરંપરાગત પ્રવૃત્તિઓ પર વધારે પકડ જમાવી રહ્યો છે, હાલમાં મુંદ્રા કાંઠા પર CGPL પ્લાંટ પ્રોજેક્ટના વિકાસ દ્વારા તેમ થયું છે.

તેમના માછીમારીનાં પરાં અથવા બંદરોની આસપાસ આ પ્રોજેક્ટ્સ વધારે પ્રમાણમાં બની રહ્યા છે ત્યારે માછીમાર ગણ જે પ્રકારે તેમની આજીવિકા જોખમાઈ રહી છે તે અંગે વિવિધ પ્રકારે ચિંતા વ્યક્ત કરે છે, જેમાં એક વર્ષથી બીજા વર્ષમાં તેમને બંદર પર જવા દેવામાં ન આવે; ઔદ્યોગિકરણ તેમની માછલીઓની ગુણવત્તા અને પ્રમાણ પર અસર કરશે અને ઔદ્યોગિક પ્રદૂષણ દ્વારા તેમના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી શકે છે તેનો પણ સમાવેશ થાય છે.

કંપની સમજે છે કે મોટા દરિયાકિનારાનું ઔદ્યોગિકીકરણ બંદરો અને તેમના વપરાશકર્તાઓ પર વધારે દબાણ મૂકે છે. પહેલેથી, *ત્રાગડી બંદર*નો ઉપયોગ કરતા કુટુંબોની સંખ્યા પ્રત્યેક માછીમારીની સીઝન સાથે વધે છે.  કંપનીએ જણાવ્યું છે કે અન્ય ઉદ્યોગો દ્વારા દરિયા કાંઠાનાં અન્ય ભાગોમાંથી માછીમાર ગણને વિસ્થાપિત કરવાનું આ પરિણામ છે અને બહોળા દરિયા કાંઠામાં ટકાઉ રીતે માછીમાર ગણની આજીવિકાનું રક્ષણ કરવાના કોઈપણ પ્રયત્નમાં અન્ય ઔદ્યોગિક ખેલાડીઓ અને રાજ્ય સરકારને સામેલ કરવાની જરૂર પડશે. CGPLએ આવા વ્યાપક પ્રયાસમાં તે ભૂમિકા ભજવવા ઈચ્છશે તેમ જણાવ્યું છે.

ફરિયાદમાં વ્યક્ત કરાયેલી અને મૂલ્યાંકન દરમિયાન CAO સાથે વહેંચવામાં આવેલી ચોક્કસ ચિંતાઓ બાંધકામની પ્રવૃત્તિઓ દરમિયાન હાલમાં અનુભવાયેલી અસરો અને ઑપરેશન્સમાંથી થતી સંભવિત ભાવિ અસરો એમ બંને સાથે સંબંધિત છે. કેટલીક અસરો કડકપણે પ્રોજેક્ટ પ્રત્યે સ્થાનિક હોય છે, અન્ય બહોળા ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં જોવામાં આવી હોય તે પ્રમાણે અને ખાસ કરીને પડોશના અદાણી પાવર પ્લાંટ સાથેના તેના સંબંધમાં પ્રોજેક્ટ સાથે જોડાયેલી હોય છે. આ વિવિધ પાસાઓનો નીચે વારાફરતી સારાંશ આપવામાં આવશે.

<u>પરાંની પહોંચ</u>:

માછીમારગણે જણાવ્યું હતું કે વિવાદનો ચાવીરૂપ મુદ્દો એ છે કે પ્રોજેક્ટ આઉટફ્લો ચેનલના બાંધકામથી પગડિયાઓ (પગપાળા ચાલતા માછીમાર) માટેનો રસ્તો કપાઈ ગયો છે. પગડિયાઓ ગામડેથી (મુખ્યત્વે ત્રાગડી) કાંઠા સુધી માછીમારી કરવા માટે ચાલીને જાય છે અને માછલીઓ પકડીને પાછા આવે છે. કંપનીએ આઉટફ્લો ચેનલની આસપાસ રસ્તો બાંધ્યો છે જેના કારણે પગડિયાઓને વધુ 3.8 કિલોમીટર ચાલવું પડે છે (અથવા બહારની એક ખેપ દીઠ કુલ 7.6 કિલોમીટર).

કંપની સંમત થાય છે કે પ્રોજેક્ટની વાડથી બંદર સુધી અને બંદરથી પાછા આવવાના માછીમારોના પ્રવાસના સમયમાં વધારો થયો છે. કંપની જણાવે છે કે તેને ગામવાસીઓ તરફથી માહિતી મળી છે કે બંદરના મૂળ વપરાશકર્તાઓ મુખ્યત્વે ત્રાગડી ગામના છે. CGPL નોંધે છે કે *સરપંચ* (ગામના ચૂંટાયેલા વડાં) સાથેના પરામર્શના આધારે આ કુટુંબોને વિપરીત અસરો (જેમ કે વધારાના પ્રવાસ) માટે પ્રત્યેકને રૂ. 1 લાખનું વળતર (આશરે $2000) આપવામાં આવ્યું છે. ફરિયાદીઓ જણાવે છે કે અન્ય ગામોમાંથી કેટલાંક પરિવારોએ પેઢીઓ સુધી બંદરનો સમાન રીતે ઉપયોગ કર્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે વધુ અભ્યાસ વળતરમાં કોઈપણ ખાધ પડી હોવાનું બતાવે; તો તેઓ વળતરમાં પડેલી આવી કોઈપણ ખાધને ભરવા માટે તૈયાર છે.

<u>સમુદ્રી જીવન અને પકડાયેલી માછેલીઓ પર અસર:</u>

પ્લાંટની ઓપન ફ્લિંગ સિસ્ટમ વિશે તથા પ્લાંટની આઉટફૉલ ચેનલ (પ્લાંટમાંથી બહાર વહ્યા બાદ)માંથી બહાર આવતું પાણી ઊંચા તાપમાનનું હશે અને તેથી તે સમુદ્રી જીવનને અસર કરશે અને માછલીની વસ્તીમાં લાંબા ગાળે ઘટાડો કરશે તે હકીકત અંગે સમુદાયોમાં વ્યાપક ચિંતા છે. કંપની પર્યાવરણીય મંજૂરી ધરાવે છે જે સાત ડિગ્રીના વધારાની હદ સ્થાપિત કરે છે અને દલીલ કરે છે કે પ્લાંટ અને આઉટફૉલ ચેનલની રચના વિસ્તૃત મોડેલિંગ અભ્યાસો પર આધારિત હતાં જે આગાહી કરે છે કે આઉટફૉલ ચેનલ પહોળી અને લાંબી હોવાને કારણે પાણીના તાપમાનનો વધારો 5 ડિગ્રીની મર્યાદામાં હોવાની અપેક્ષા છે.

ફરિયાદીઓએ વધુ ચિંતા વ્યક્ત કરી છે કે દરિયા કાંઠા પર મેંગ્રોવ જંગલોનો નાશ કરવાથી સમુદ્રી જીવન પર પ્રતિકૂળ અસરો પડશે. મેંગ્રોવ પર પ્રોજેક્ટની અસર અંગે પક્ષકારો અસંમત થાય છે: કંપની નોંધે છે કે

બાંધકામનો વિસ્તાર મેંગ્રોવ વૃક્ષો વિનાનો છે, અને એવા વૈજ્ઞાનિક અભ્યાસોને ચીંધે છે જેમાં પ્રોજેક્ટના ઑપરેશન્સથી મેંગ્રોવ પર કોઈ નકારાત્મક અસર થવાની ધારણા નથી. જો કે, ફરિયાદીઓ નોંધે છે કે આ વિસ્તારમાં અન્ય ઔદ્યોગિક વિકાસના તેમના ભૂતકાળના અનુભવ સામે આ વિરોધાભાસ બતાવે છે.

<u>ફ્લાય એશ</u>

જ્યારે કોલસાને બંદરથી પ્લાંટ તરફ ખસેડવામાં આવી રહ્યો હોય ત્યારે પ્લાંટના કન્વેયર બેલ્ટમાંથી ઉડતી કોલસાની રાખ અંગે સમુદાયોએ તેમની ચિંતા વ્યક્ત કરી હતી. કન્વેયર બેલ્ટ પડોશના અદાણી પાવર પ્લાંટ સાથે વહેંચાયેલો છે. તેઓ દલીલ કરે છે કે રાખ પહેલેથી અદાણી પ્લાંટમાંથી ઊડી રહી છે અને તે 'સૂકી' માછલીને અસર કરે છે (એવી માછલી કે જેને કોરી કરવા માટે તાપમાં ગોઠવવામાં આવે છે અથવા લટકાવવામાં આવે છે) તેમજ કેટલીક કૃષિ પેદાશોને પણ અસર કરે છે - ખાસ કરીને કચ્છના ચોક્કસ ફળો.

કંપની માને છે કે ફ્લાય એશથી સૂકી માછલીને અસર થશે નહીં, કારણ કે તેઓ બંધ કન્વેયર બેલ્ટના ઉપયોગ, ઓછી રાખ ધરાવતા ઈન્ડોનેશિયાથી આયાત કરેલા કોલસાના ઉપયોગ, વધુ ઉપયોગ માટે પેદા થયેલી રાખના એકત્રીકરણ અને 275 મીટર ઊંચી ચિમની સહિત તેના સમગ્ર નિયમન દરમિયાન રાખ અને કોલસાની રજને સમાવવા માટેના ટેકનિકલ ઉપાયો લાગુ કરશે.

<u>તાજા પાણીનો સ્રોત:</u>

જ્યારે તેઓ માછીમારીની સીઝન માટે આવે છે ત્યારે રહીશો બંદર પર નાનું છિદ્ર કરે છે. આ છિદ્રમાંથી બહાર આવતું પાણી પરંપરાગત રીતે બધા રહીશોની પાણીની જરૂરિયાતો પૂરી કરવા માટે વપરાતું આવ્યું છે - દાખલા તરીકે અન્ય ઉપરાંત, પીવાનું પાણી, સફાઈ, સ્નાન અને માછલીઓને ધોવા માટે. સમુદાયોના મત પ્રમાણે, આ છિદ્રમાંથી આવતું પાણી "મીઠું" હોય છે અને તેમને ડર છે કે આઉટપુટ ચેનલમાં પાણીની ખારાશના પરિણામે તે પ્રદૂષિત થશે, અને તેઓ ધારે છે કે એક વખત પાવર પ્લાંટ કાર્યરત થાય ત્યારબાદ ક્ષાર વધશે. ફરિયાદીઓ જણાવે છે કે તેમનો પ્રાણીનો સ્રોત બિલકુલ ઉપયોગ લાયક રહ્યો નથી કારણ કે કંપનીએ કામગીરી શરૂ કરી છે.

કેટલાંક સ્થાનિક માછીમારજનોએ નકારાત્મક અસરો ઓછી કરવા, ટેંકોમાં તાજું પાણી પૂરું પાડવા અને તબીબી કાળજી જેવા લાભો પૂરા પાડવા માટેના કંપનીના પ્રયાસો અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ માછીમારગણ આવી પ્રવૃત્તિઓ કઈ રીતે સુધારવી તેના વિશે ચર્ચા કરવા માટે કંપનીને સામેલ કરવામાં બહુ રસ ધરાવે છે. અન્ય લોકો આ પ્રવૃત્તિઓને ચેરિટીના એક સ્વરૂપ તરીકે જુએ છે જે તેમના મતે તેમને ભિખારીઓમાં ફેરવે છે, જેને તેઓ સ્વ-નિર્ભરતા અને અત્યંત ગરિમાના ઈતિહાસથી વિરોધાભાસી ગણાવે છે.

સામાજીક અસરનું મૂલ્યાંકન/"પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો"

ફરિયાદીઓ દલીલ કરે છે કે સામાજીક અને પર્યાવરણીય અસર મૂલ્યાંકન (SEIA)થી સ્થળાંતરક માછીમાર સમુદાયની પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકો તરીકે પૂરતી ઓળખ થઈ નથી જેનાથી તેમના મતે આ સમુદાયો પર જોખમો અને વિપરીત અસરો વધી છે. કંપની જણાવે છે કે પ્રોજેક્ટમાં ટાટા પાવર સામેલ થયું તે પહેલાં SEIA કરવામાં આવ્યું હતું અને એવો દ્રઢ મત વ્યક્ત કરે છે કે તેમણે SEIAમાં જણાવેલી બધી જરૂરિયાતો પૂરી કરી છે. તેઓ સ્વીકારે છે કે એ શક્ય છે કે પ્રોજેક્ટથી અસરગ્રસ્ત કેટલાંક લોકો પર આ મૂલ્યાંકનમાં પૂરતું ધ્યાન અપાયું ન હોય તેમ બની શકે છે અને સૂચવે છે કે *ત્રાગડી બંદર*ના માછીમારોનું સર્વેક્ષણ કરીને આ સ્થિતિ સુધારી શકાય છે, જેના આધારે કોઈપણ વધારાના અસરગ્રસ્ત લોકોને અલગથી વળતર આપી શકાય.

કાનૂની લીલી ઝંડી વિશે માહિતી જાહેર કરવી

ફરિયાદીઓના મતે, પ્રોજેક્ટ વિશે સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતીનો અભાવ છે, દાખલા તરીકે તેની કૂલિંગ સિસ્ટમ માટે પર્યાવરણીય લાયસન્સ વિશે. વધુમાં, ફરિયાદીઓએ દલીલ કરી હતી કે કંપની બધાં જરૂરી લાયસન્સ ધરાવતી નથી અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોનનું ઉલ્લંઘન કરે છે. કંપની પોતાની વાતમાં અડગ છે કે તે બધી કાનૂની લીલી ઝંડી ધરાવે છે અને ફરિયાદીઓ સાથે જે તે લાયસન્સની નકલો વહેંચવા માટે CAOને તે પૂરી પાડવાની તૈયારી બતાવી છે. પ્રોજેક્ટ ડિઝાઈનની પસંદગીઓ માટે સંદર્ભ અને હેતુ પર ઝીણવટપૂર્વક વિગતો આપવા માટે માટે ફરિયાદીઓ સાથેની બેઠકમાં આ લાયસન્સ સમજાવવા અને અન્ય કોઈપણ પ્રશ્નોનાં જવાબ આપવા એ કંપનીની પસંદગી હતી.

સંબંધિત સુવિધાઓ અને સંચયી અસરનું મૂલ્યાંકન

ફરિયાદીઓની દલીલ એવી છે કે મુંદ્રા પોર્ટ જેની માલિકી અને સંચાલન પાસેના અદાણી પ્લાંટને હસ્તક છે અને સમર્પિત રેલ્વે લાઈન બંને પ્રોજેક્ટની સુવિધા સાથે સંકળાયેલા છે. આમ પણ તેઓ માને છે કે બાંધકામોની પર્યાવરણીય અને સામાજીક અસરો માટે કંપનીની થોડીક જવાબદારી રહેલી છે. વધુમાં ફરિયાદીઓ એવો દ્રઢ મત વ્યક્ત કરે છે કે સંચયી અસર મૂલ્યાંકન પ્રોજેક્ટ પહેલાં કરવું જોઈતું હતું,

કંપની જણાવે છે કે બંદર અને રેલ્વે લાઈનના માલિક તરીકે આ સુવિધાઓ માટે સંબંધિત લીલી ઝંડી મેળવવી એ મુંદ્રા પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની જવાબદારી છે. કંપની નોંધે છે કે સરકારની જવાબદારી હેઠળના પ્રત્યેક નવા વિકાસ પ્રોજેક્ટ માટે નિયામક અને પરવાનગી પ્રક્રિયાના ભાગરૂપે સંચયી અસરના મૂલ્યાંકનો કરવામાં આવે છે.

6. **નિષ્કર્ષ અને આગામી પગલાં**

સ્થાનિક સમુદાયો અને કંપની બંને માટે વિવાદ નિવારણ પ્રક્રિયા સ્વૈચ્છિક છે. CAOની વિવાદ નિવારણ ટીમ સાથે શ્રેણીબદ્ધ બેઠકો અને ચર્ચાઓ બાદ, ફરિયાદીઓએ સહાયક પ્રક્રિયાની વિરુદ્ધમાં નિર્ણય લીધો છે અને વિનંતી કરી છે કે પ્રોજેક્ટમાં તેના રોકાણનાં IFC દ્વારા નિયમનનું ઑડિટ યોગ્ય છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવા માટે ફરિયાદ CAOનાં અનુપાલન કાર્યને આપવામાં આવે.

CAOનું એવું મૂલ્યાંકન છે કે માછીમારગણની ઘણી ચિંતાઓનું સમાધાન કરવા માટે આ કેસમાં સહાયક પ્રક્રિયા મદદરૂપ બની શકી હોત. ખાસ કરીને, કંપની અને ત્રાગડી બંદરના વપરાશકર્તાઓ એ ઓળખવા માટે સાથે કામ કરી શકે છે બંદરના વપરાશકર્તાઓમાંથી કોને પૂરતું વળતર આપવામાં આવ્યું ન હોઈ શકે અને વધારાની મદદ કે વળતરની જરૂર હોઈ શકે છે. કંપની અને માછીમાર ગણ વચ્ચે ખુલ્લો સંવાદ માછીમાર સમુદાયો માટે સ્વાસ્થ્ય સેવાઓ અથવા સ્કૂલિંગની જોગવાઈ જેવા લાભો વધારવામાં સમાનતાથી મદદ કરી શકે છે.

માહિતીની વહેંચણીથી લઈને પારસ્પરિક સંમત સ્વતંત્ર નિષ્ણાંતો દ્વારા કંપની દસ્તાવેજીકરણની સમીક્ષાથી સહભાગી નિયમન સુધીના વિવાદ નિવારણના સાધનો એ એવા અભિગમના પ્રકારો છે જેનો ઉપયોગ પક્ષકારોને સંયુક્તપણે આ ચિંતાઓનું સમાધાન કરવામાં મદદ કરવા માટે થઈ શકે છે. આ સાધનો માધ્યમ તથા સમુદ્રી જીવ અને તેમના માછલીના જથ્થા પર પ્લાંટની કામગીરીની લાંબા ગાળાની અસરો વિશે માછીમાર ગણ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓનું સમાધાન કરવામાં મદદરૂપ બની શકે છે.

છેવટે, બંને પક્ષકારો સમજે છે કે પહોળા મુંદ્રા કિનારાના માછીમાર ગણની આજીવિકા પર ઊભું થયેલું આંશિક જોખમ કિનારાના બહોળા ઔદ્યોગિકીકરણમાં ટાટા પાવર સિવાયના સ્રોતોમાંથી ઉદભવે છે અને આમ એકલી કંપની તથા સમુદાય દ્વારા તેનું નિવારણ કરી ન શકાય. મુંદ્રા કિનારે અન્ય ઔદ્યોગિક ખેલાડીઓ અને રાજ્ય સરકારને સમાવતો વિશાળ પ્રયાસ ટકાઉ ઉપાયનું નિર્માણ કરવાથી માંડીને માછીમાર સમુદાયોની આજીવિકાને સલામત કરવા સુધી મદદ કરી શકે છે.

<u>મૂલ્યાંકન પરિણામ અને આગામી પગલાંઓ</u>

ફરિયાદીઓની વિનંતી પર અને CAOની કાર્યશીલ માર્ગદર્શિકાઓ સાથેના અનુસંધાનમાં CAOની વિવાદ નિવારણ ટીમ આ કેસમાં તેમના સમાવેશને સમાપ્ત કરશે અને CAOના અનુપાલન કાર્યને તે રવાના કરશે જેથી પ્રોજેક્ટમાં તેના રોકાણનું IFC દ્વારા નિયમનની તપાસની ખાતરી છે કે કેમ તેનું મૂલ્યાંકન કરી શકાય.

CAOની અનુપાલનનાં મૂલ્યાંકનો અને તપાસો IFCની કાર્યવાહીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે-IFCનાં ગ્રાહકની કંપની પર નહીં-અને IFCએ તેના પોતાના નિયમો અને વિધિઓનું પાલન કર્યું છે કે નહીં. બધા મૂલ્યાંકન અહેવાલો સાર્વજનિક દસ્તાવેજો છે. જો CAOને એવો પુરાવો મળે કે IFC/MIGAની જોગવાઈઓ પ્રોજેક્ટના સ્તર પર પૂરતા રક્ષણો પૂરા પાડવામાં નિષ્ફળ ગઈ છે; નીતિઓને યોગ્ય રીતે લાગુ કરવામાં

આવી નથી; અથવા ભવિષ્યમાં સંભવિતપણે પર્યાવરણીય અને સામાજીક પરિણામો હોઈ શકે છે તો કેસમાં પૂરી તપાસ થશે.

જ્યાં CAO IFCની પૂરી તપાસ કરવાનું ચાલુ રાખે ત્યાં, કાર્યાલય IFC વિશેના તારણો સાથેનો સાર્વજનિક ઑડિટ રિપોર્ટ જારી કરે છે. ત્યારબાદ CAOના તારણોનો પ્રતિસાદ આપવો એ IFCની જવાબદારી છે. ઑડિટ અને IFCનો પ્રતિસાદ બંને વિચારણા માટે વિશ્વ બેંક ગ્રુપના પ્રમુખને રજૂ કરવામાં આવ્યા છે અને તેમના તરફથી લીલી ઝંડી મળવા પર સાર્વજનિક રીતે જાહેર કરવામાં આવે છે.

**પરિશિષ્ટ I: CAO** પ્રક્રિયા

CAOનો ફરિયાદ પ્રતિસાદ

CAOની ઑપરેશનલ માર્ગદર્શિકાઓ પ્રમાણે એક વખત ફરિયાદ મળ્યા બાદ નીચેના પગલાંઓ વિશિષ્ટપણે અનુસરવામાં આવે છે:

પગલું 1: ફરિયાદ મળ્યાનો સ્વીકાર

પગલું 2: યોગ્યતા: CAOના મત હેઠળ મૂલ્યાંકન માટે ફરિયાદની યોગ્યતાનું નિર્ધારણ (કામકાજના 15 દિવસથી વધારે સમય નહીં).

પગલું 3: વિવાદ નિવારણ મૂલ્યાંકન : ફરિયાદમાં ઉઠાવેલા મુદ્દાઓના સહકારી નિવારણ માટે તકોનું મૂલ્યાંકન (કામકાજના 120 દિવસોથી વધારે નહીં). જો મૂલ્યાંકન નિર્ધારિત કરે કે સહકારી નિવારણ શક્ય નથી, તો CAO ઓમ્બડ્સમેન IFC/MIGAના સામાજીક અને પર્યાવરણીય દેખાવના અનુપાલન મૂલ્યાંકન માટે CAO અનુપાલનને જાણ કરશે.

પગલું 4: સમાધાનને સાનુકૂળ કરવું: જો CAO ઓમ્બડ્સમેન પ્રક્રિયા ચાલુ રહે તો આ તબક્કામાં સાનુકૂળતા/લવાદી, સંયુક્ત હકીકત શોધન અથવા અન્ય સંમતિ સધાયેલ નિવારણ પ્રક્રિયા દ્વારા આગામી પગલાઓના અમલીકરણનો સમાવેશ થાય છે જે સમાધનની સમજૂતી કે અન્ય પારસ્પરિક રીતે સંમત થયેલ અને યોગ્ય લક્ષ્યાંક તરફ લઈ જાય છે. સમસ્યાનું નિવારણ કરવાના અભિગમનો મુખ્ય હેતુ ફરિયાદમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અને મૂલ્યાંકન અથવા સમસ્યા નિવારણ પ્રક્રિયા દરમિયાન ઓળખવામાં આવેલા ફરિયાદ સંબંધિત અન્ય મહત્વના મુદ્દાઓ એવી રીતે હલ કરવાનો છે જે પક્ષકારોને સ્વીકાર્ય હોય.

અનુપાલન મૂલ્યાંકન/ઑડિટ: જો કોઈપણ પક્ષકાર વિવાદ નિવારણ પ્રક્રિયા કરવા માટે સંમત ન થાય તો CAO અનુપાલન IFC/MIGAના પ્રોજેક્ટના ખલેલની અનુપાલન તપાસ યોગ્ય છે કેમ તે નિર્ધારિત કરવા માટે સંબંધિત પ્રોજેક્ટની IFC/MIGA દ્વારા સામાજીક અને પર્યાવરણીય કાળજી અંગેના મૂલ્યાંકનની શરૂઆત કરશે.

પગલું 5: નિયમન અને અનુવર્તન

પગલું 6: નિષ્કર્ષ અને કેસ બંધ કરવો

પરિશિષ્ટ **II:** ક્ષેત્ર મુલાકાતનું સમયપત્રક

<u>પ્રથમ મુલાકાત: ઓગસ્ટ 16-19, 2011</u>

નીચેનાની સાથે બેઠકો:

1. CGPL, કચ્છ અને ટાટા પાવર, મુંબઈ તરફથી હોદ્દા ધારકો
2. MASS હોદ્દા ધારકો
3. MASS સલાહકારો જો એથિલી (બેન્ક ઈન્ફર્મેશન સેન્ટર) અને શાલિની રાંદેરિયા (સંશોધક)
4. પ્રોજેક્ટ દ્વારા અસરગ્રસ્ત ગામવાસીઓ અને MASSનાં સભ્યો

| તારીખ | સમય | બેઠક/પ્રસંગ |
|---|---|---|
| ઑગસ્ટ 16 2011 | સવાર | • CGPL/ટાટા પાવરના અધિકારીઓ સાથે બેઠક |
| | • બપોર | • ગામવાસીઓની મુલાકાત (ત્રાગડી અને મોડવા) |
| | • મોડી બપોર | • પ્રોજેક્ટ સાઈટની મુલાકાત |
| ઑગસ્ટ 17 2011 | સવાર | • MASS સાથેની બેઠકો |
| | • મોડી સવાર<br>• અને બપોર | • MASS સાથે વાંડી ગામની મુલાકાત (પડોશના ગામોમાંથી સમુદાયોની હાજર) |
| | • સાંજ | • MASS સાથેની બેઠક |
| ઑગસ્ટ 18 2011 | વહેલી સવાર | • ટાટા પાવર સાથે સવારનો નાસ્તો |
| | • સવાર | • MASS સાથેની બેઠક<br>• પ્રોજેક્ટ સાઈટ અને ત્રાગડી બંદરની મુલાકાત |
| | • બપોર | • માંડવી ગામોની મુલાકાત |
| | • સાંજ | • MASS સાથેની બેઠક |
| ઑગસ્ટ 19 2011 | સવાર | • CGPL/ટાટા પાવર સાથેની નિષ્કાસન મુલાકાત<br>• MASS સાથેની નિષ્કાસન મુલાકાત |

<u>બીજી મુલાકાત: ઑક્ટૉબર 8, 2011</u>

ઑગસ્ટ 2011માં જ્યારે CAO પ્રતિનિધિઓએ કચ્છની મુલાકાત લીધી ત્યારે માછીમારીની સીઝનની શરૂઆત થઈ ન હતી. આ મુલાકાતનો હેતુ માછીમાર ગણની વાસ્તવિકતાઓ અને ફરિયાદો વિશે જાણવા માટે તેમને પ્રત્યક્ષ મળવાનો હતો.

| તારીખ | સમય | બેઠક/પ્રસંગ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ઑક્ટોબર 8, 2011 | દિવસનો સમય | • બંદર પર જીવતા લગભગ 20 માછીમારો |

<u>ત્રીજી મુલાકાત: ઑક્ટોબર 20-21, 2011</u>

| તારીખ | સમય | બેઠક/પ્રસંગ |
|---|---|---|
| ઑક્ટોબર 20, 2011 | સવાર | • ટાટા પ્રોજેક્ટ સાઈટની મુલાકાત (કચ્છ જિલ્લો)<br>• કંપની સ્ટાફ સાથે મુલાકાત |
| | • બપોર | • બંદરમાં જીવતા માછીમારો/મહિલાઓ સાથે મુલાકાત (આશરે 15 પુરૂષો અને 20 સ્ત્રીઓ)<br>• સ્થાનિક MASS સભ્યો સાથે બેઠકો |
| ઑક્ટોબર 21, 2011 | દિવસનો સમય | • MASS સાથેની બેઠક (આશરે 30 જેટલાં માછીમારો, અને કેટલાંક NGO પ્રતિનિધિઓ). |
| | • સાંજ | • કંપની પ્રતિનિધિઓ સાથેની બેઠક |